ફોજદારી કેસ નંબર 5-2026

<u>**આંક–૧ નીચે હુકમ**</u>

**(૧)..** આ કામના ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપી સામે પ્રોહી.એકટ ગુના સબંધે તપાસ કરનાર અધિકારી તરફથી તપાસના અંતે પ્રોહી.એકટ કલમ–૬૬(૧)બી તથા ૮૫(૧) મુજબના ગુના સબંધે ચાર્જશીટ રજુ કરેલ છે. ફરીયાદી પક્ષે આરોપી વગર પાસ પરમીટના દારૂનો નસો કરી જાહેર સ્થળ ઉપરથી લથડીયા ખાતા પકડાયેલ છે જેથી આરોપી વિરૂઘ્ઘ ગુજરાત નશાબંઘી અધિનીયમની કલમ–૮૫(૧) મુજબના ગુનાનુ તહોમત પણ મુકવામાં આવેલ છે. જે ચાર્જશીટ, પોલીસ પેપર્સ, પંચોના નિવેદનને સત્ય માનવામાં આવે તો પણ આરોપી સામે કલમ ૮૫ ના આવશ્યક તત્વો ફલીત ન થવાનું આ અદાલતનો અભિપ્રાય છે. જેથી કોર્ટ દવારા આ કામના આરોપી વિરૂઘ્ઘ પ્રોહી.એકટની કલમ–૮૫ મુજબનો ગુનો પ્રથમ દર્શનીય જ જણાઈ આવતો ન હોય આરોપી વિરૂઘ્ઘ ૮૫ (૧)ને બદલે પ્રોહી કલમ ૬૬(૧)બી મુજબ આગળની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)..** આરોપીને સમન્સની બજવણી મળી આવતો ન હોઈ, ત.ક.અ. શ્રીને આરોપી હાજર રાખવા જણાવતાં , આરોપી દવાખાનામાં હોય, આરોપી વતી તેના જામીનદાર હાજર છે. તેઓને કેસ કાગળોની નકલો આપવામાં આવેલ છે. આરોપી વતી તેના જામીનદારે ગુના કબુલાત પુરસીસ આપી ગુનાની સ્વૈરછીક કબુલાત કરેલ છે અને સદરહુ ગુના અંગે તેઓનો જવાબ લેવામાં આવેલ છે. આરોપી વતી તેના જામીનદારે સ્વૈચ્છાએ ગુનો કબુલ કરેલ છે અને મૌખિક રજુઆતો કરી સંજોગો જણાવી દયા કરવા વિનંતી કરેલ છે. સબબ હાલના કામે સં તોષ વિ. કેરલ રાજયના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ઘાંતને ઘ્યાને લેતાં આરોપી વતી તેના જામીનદારની ગુનાની કબુલાત ઘ્યાનમાં લેવી યોગ્ય જણાય આવે છે. જેથી તમામ હકીકત અને સંજોગો ઘ્યાને લેતા નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

<u>**:: હુકમ ::**</u>

- આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૬૪ મુજબ તેઓની સામેના પ્રોહી. એકટ કલમ–૬૬(૧)બી મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી પ્રોહી. એકટ કલમ–૬૬(૧)બી મુજબના ગુના સબબ **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** દંડની તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે.
- જો આરોપી દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો તે બદલ **દિન ૫** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તારીખ **૧૪ મી,** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ લોક અદાલતની ખાસ બેઠકમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
ધંધુકા.

(વાય. આઈ. શેખ)
એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ધંધુકા, જી.અમદાવાદ
Code No. GJ00967

આજ રોજ દંડની રકમ રૂ. ..................... (અંકે રૂ.............................. પુરા/–)

પહોંચ નંબર–........... થી જમા લીધેલ છે.

**તા.૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ–ધંધુકા**

**નાઝર શ્રી,**
**પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટ,**
**ધંધુકા**